# સુરત ની એસ.ટી.પી.એલ કંપનીએ સમગ્ર દેશમાં નામ રચ્યું, કંપની એ બે સીમાચિન્હો પોતાના નામે કર્યા

## કંપની એ લેસર ટેકનોલોજી ક્ષેત્રે નિતનવા સંશોધન દ્વારા દેશના સમગ્ર હીરા ઉધોગ ની કાયાપલટ માં નોધપાત્ર પ્રદાન કર્યું




**સુરત (સુપ્રીમો ગુજરાત, લલીત શાહ દ્વારા)–**

સુરત ની એસ.ટી.પી.એલ કંપનીએ સમગ્ર દેશમાં નામ રચ્યું છે. જેમાં કંપની એ બે સીમાચિન્હો પોતાના નામે કર્યા હતા. જેથી કંપની ને પગલે દેશ નું નામ દુનિયાભર માં ઝળક્યું છે. કંપીની ને વિશ્વપ્રસિદ્ધ પ્રકાશન દ્વારા ફોટોનિક્સ ઇન્ડસ્ટ્રી ના ટોચના ૧૦૦ મોસ્ટ ઇનોવેટિવ લોકોની યાદીમાં સ્થાન પ્રાપ્ત થયું હતું. જેથી ખુશી ની લાગણી જોવા મળી રહી છે. સુરત શહેરના હીરા ઉધોગ ગુજરાત રાજય અને સમગ્રદેશ માટે ગૌરવ રૂપ બે ઐતિહાસિક સીમાચિન્હ સુરતના નામે લખાય છે. એસ.ટી.પી.એલ કંપની ના રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ હેડ મુંજાલ ગજ્જરને વિશ્વપ્રસિદ્ધ પ્રકાશન દ્વારા ફોટો નિક્સ ઇન્ડસ્ટ્રીઝ ટોચના ૧૦૦, મોસ્ટ ઇનોવેટિવ લોકોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ મેગેઝીન દ્વારા ધ ફોટોનીક્સ ૧૦૦ નામે એક વાર્ષિક યાદી જાહેર કરવામાં આવે છે જેમાં વિશ્વના ફક્ત ૧૦૦ વ્યક્તિઓ સ્થાન પ્રાપ્ત કરતા હોય છે. જેમને વિશ્વ સ્તરે વિશિષ્ટ અને નોધપાત્ર કામગીરી આપનાર લોકોને સન્માનિત કરવામાં આવે છે. ફોટોનિક્સ એ પ્રકાશના કિરણોના ભૌતિક વિજ્ઞાનની શાખા છે. પ્રકાશ અને ખાસ કરીને લેસર કેરોનોના વિવિધ પ્રકારે જીવન ઉપયોગી બાબતોમાં ઉપયોગ કરવાના વિજ્ઞાન અને ઉધોગમાં ફોટોનિક્સ બહુ મહત્વપૂર્ણ બાબત છે. સમગ્ર હીરા ઉધોગમાં એસ.ટી.પી.એલ કંપનીએ ડાયમંડ એનાલીસિસ અને પ્લાનિંગ, ડાયમંડ કટિંગ, બ્લોકિંગ અને સેફ ડાયમંડ ટ્રેડિંગ સુધીની તમામ પ્રક્રિયાઓ માટે સમાધાન વિકસાવે છે. આ પહેલથી ભારત મેડિસન સ્ટેન્ટ ના ઉત્પાદન થકી આત્મ નિર્ભર બન્યો છે. આ કારણે કંપનીને આ પ્રતિષ્ઠત યાદીમાં ગૌરવ ભર્યું સ્થાન મળ્યું છે.